# શ્રીમદ્ભાગવત રસિક કુટુંબ

श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

## શ્રીમદ્ભાગવત રામાયણ સ્તોત્ર ૯.૧૧



धरा हुई धन्य,व्याप्त हुआ आह्लाद
नारायण अवतारों पर,ब्रह्मा नारद संवाद

**નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ્) ચૈવ નરોત્તમમ્.**
**દેવીં(મ્) સરસ્વતીં(વ્ઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્.**

**નામસઙ્કીર્તનં(ય્ઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્.**
**પ્રણામો દુઃખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્.**

**શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્**

**નવમઃ(સ્) સ્કન્ધઃ**

**અથૈકાદશોઽધ્યાયઃ**

**શ્રીશુક ઉવાચ**

**ભગવાનાત્મનાઽઽત્માનં(મ્), રામ ઉત્તમકલ્પકૈઃ .**
**સર્વદેવમયં(ન્) દેવ-મીજ આચાર્યવાન્ મખૈઃ .. ૧..**

ભગવાનાત્ + મનાઽઽત્ + માનં(મ્)

શ્રી શુકદેવજીએ કહ્યું – પરીક્ષિત! ભગવાન શ્રીરામે ગુરુ વસિષ્ઠને પોતાના આચાર્ય બનાવીને ઉત્તમ સામગ્રીઓથી યુક્ત યજ્ઞો દ્વારા પોતે પોતાના સર્વ દેવમય આત્મસ્વરૂપનું યજન કર્યું. ॥ ૧ ॥

**હોત્રેઽદદાદ્ દિશં(મ્) પ્રાચીં(મ્), બ્રહ્મણે દક્ષિણાં(મ્) પ્રભુઃ .**
**અધ્વર્યવે પ્રતીચીં(ઞ્) ચ, ઉદીચીં(મ્) સામગાય સઃ .. ૨..**

તેમણે હોતાને પૂર્વ દિશા, બ્રહ્માને દક્ષિણ દિશા, અધ્વર્યુને પશ્ચિમ અને ઉદ્ગાતા ને ઉત્તર દિશા આપી દીધી. ॥ ૨ ॥

**આચાર્યાય દદૌ શેષાં(યૅઁ), યાવતી ભૂસ્તદ*ન્તરા .**

**મ*ન્યમાન ઇદં(ઙ્) કૃત્સ્નં(મ્), બ્રાહ્મણોઽર્હતિ નિઃ(સ્)સ્પૃહઃ .. ૩..**

ભૂસ્ત + દન્તરા

તેની વચ્ચે જેટલી ભૂમિ શેષ રહી હતી, તે તેમણે આચાર્યને આપી દીધી. તેમનો એવો નિશ્ચય હતો કે, સંપૂર્ણ ભૂમંડળનો એકમાત્ર અધિકારી નિઃસ્પૃહ બ્રાહ્મણ જ છે. ॥ ૩ ॥

**ઇ*ત્યયં(ન્) તદલં(ઙ્)કાર-વાસોભ્યામવશેષિતઃ .**

**તથા રાજ્ઞ્યપિ વૈદેહી, સૌમં(ઙ્)ગ*લ્યાવશેષિતા .. ૪..**

વાસોભ્યા + મવશેષિતઃ, સૌમં(ઙ્)ગલ્યા + વશેષિતા

આ પ્રમાણે સમસ્ત ભૂમંડળનું દાન કરીને તેમણે પોતાના શરીરના વસ્ત્રો અને અલંકારો જ પોતાની પાસે રાખ્યા. આ જ પ્રમાણે મહારાણી સીતાજીની પાસે પણ માત્ર માંગલિક વસ્ત્ર અને આભૂષણો જ હતાં. ॥ ૪ ॥

**તે તુ* બ્રહ્મ*ણ્ય*દે*વસ્ય, વાત્સલ્યં(વૅઁ) વીક્ષ્ય સં(મ્)સ્તુતમ્ .**

**પ્રીતાઃ(ખ્) ક્લિન્નધિય*સ્ત*સ્મૈ, પ્ર*ત્યર્પ્યેદં(મ્) બભાષિરે .. ૫..**

બ્રહ્મણ્યદે + વસ્ય, ક્લિન્ + નધિયસ્ + તસ્મૈ, પ્રત્યર્ + પ્યેદં(મ્)

જ્યારે આચાર્ય વગેરે બ્રાહ્મણોએ જોયું કે ભગવાન શ્રીરામ તો બ્રાહ્મણોને જ પોતાના ઈષ્ટ દેવ માને છે, તેમના હૃદયમાં બ્રાહ્મણોના પ્રતિ અનંત સ્નેહ છે, ત્યારે તેમનું હૃદય પ્રેમથી ભીંજાઇ ગયું તેમને પ્રસન્ન થઈને બધી પૃથ્વી ભગવાનને પાછી આપી અને કહ્યું. ॥ ૫ ॥

**અ*પ્રત્તં(ન્) નસ્ત્વયા કિં(ન્) નુ, ભગવન્ ભુવનેશ્વર .**

**યન્નોઽન્તર્હૃદયં(વૅઁ) વિ*શ્ય, તમો હં(મ્)સિ* સ્વરોચિષા .. ૬..**

યન્નોઽન્તર્ + હૃદયં(વૅઁ)

'પ્રભુ! આપ સઘળા લોકોના એકમાત્ર સ્વામી છો.આપ તો અમારા હૃદયમાં રહીને પોતાની જ્યોતિથી અજ્ઞાનરુપી અંધકારનો નાશ કરી રહ્યાં છો આમ જોતાં આપે અમને શું નથી આપ્યું?॥ ૬ ॥

**નમો બ્રહ્મ*ણ્યદેવાય, રામાયાકુ*ણ્ઠમેધસે .**

**ઉત્તમ*શ્લોકધુર્યાય*, ન્ય*સ્તદ*ણ્ડાર્પિતાઙ્ઘ્રયે .. ૭..**

ઉત્તમશ્લોક + ધુર્યાય, ન્યસ્તદણ્ડાર્ + પિતાઙ્ઘ્રયે

આપનું જ્ઞાન અનંત છે. પવિત્રકીર્તિવાળા પુરુષોમાં આપ સર્વ શ્રેષ્ઠ છો. જેઓ કોઈને કોઇ પર પ્રકારની પીડા પહોંચાડતા નથી તેવા મહાત્માઓને આપે આપના ચરણકમળ આપી રાખ્યા છે.

આમ હોવા છતાં પણ આપ બ્રાહ્મણોને પોતાના ઇષ્ટદેવ માનો છો. ભગવન્ આપના આ રામરૂપ ને અમે નમસ્કાર કરીએ છીએ.' ॥ ૭ ॥

**કદાચિલ્લોકજિજ્ઞાસુર્ - ગૂઢો રાત્ર્યામલક્ષિતઃ .**

**ચરન્ વાચોડશૃણોદ્ રામો, ભાર્યામુદ્દિશ્ય કસ્યચિત્ .. ૮..**

પરીક્ષિત ! એકવાર પોતાની પ્રજાની સ્થિતિ જાણવા માટે ભગવાન શ્રીરામ રાત્રિના સમયે છુપાઇને કોઇને કહ્યા વિના નગરમાં ફરી રહ્યા હતા. તે સમયે તેમણે કોઇકની આ વાત સાંભળી. તે પોતાની પત્નીને કહી રહ્યો હતો. ॥ ૮ ॥

**નાહં(મ્) બિભર્મિ ત્વાં(ન્) દુષ્ટા- મસતીં(મ્) પરવેશ્મગામ્ .**

**સ્ત્રીલોભી બિભૃયાત્ સીતાં(મ્), રામો નાહં(મ્) ભજે પુનઃ .. ૯..**

' અરે! તું દુષ્ટ અને કુલટા છે.  તું પારકા ઘરમાં રહીને આવી છે. સ્ત્રી– લોભી રામ ભલેને સીતાને રાખે, પરંતુ હું તને રાખી શકું એમ નથી.' ॥ ૯ ॥

**ઇતિ લોકાદ્ બહુમુખાદ્, દુરારાધ્યાદસં(વૅં)વિદઃ .**

**પત્યા ભીતેન સા ત્યક્તા, પ્રાપ્તા પ્રાચેતસાશ્રમમ્ .. ૧૦..**

દુરારાધ્યા + દસં(વૅં)વિદઃ

ખરેખર બધા લોકોને પ્રસન્ન રાખવા એ સહેલું કામ નથી. કારણ કે મૂર્ખ લોકોનો તો તોટો નથી. જ્યારે ભગવાન શ્રીરામે ઘણા લોકોનાં મુખેથી આવી વાત સાંભળી ત્યારે લોકાપવાદની ભીતિને કારણે તેમણે સીતાજી નો પરિત્યાગ કરી દીધો. ત્યારે સીતાજી વાલ્મિકી મુનિના આશ્રમમાં રહેવા લાગ્યા. ॥ ૧૦ ॥

**અન્તર્વત્ન્યાગતે કાલે, યમૌ સા સુષુવે સુતૌ .**

**કુશો લવ ઇતિ ખ્યાતૌ, તયોશ્ચક્રે ક્રિયા મુનિઃ .. ૧૧..**

અન્તર્ + વત્ન્યા + ગતે

સીતાજી તે સમયે ગર્ભવતી હતાં. સમય આવ્યે તેમણે એકી સાથે બે પુત્રોને જન્મ આપ્યો. તેમના નામ હતા – કુશ અને લવ. વાલ્મિકી મુનિએ તેમના જાત કર્મ વગેરે સંસ્કાર કર્યા. ॥ ૧૧ ॥

**અં(ઙ્)ગદશ્ચિત્રકેતુશ્ચ, લક્ષ્મણસ્યાત્મજૌ સ્મૃતૌ .**

**તક્ષઃ(ઙ્) પુષ્કલ ઇત્યાસ્તાં(મ્), ભરતસ્ય મહીપતે .. ૧૨..**

અં(ઙ્)ગદશ્ + ચિત્રકે + તુશ્ચ, લક્ષ્મણસ્ + યાત્મજૌ

લક્ષ્મણજીને બે પુત્ર થયા – અંગદ અને ચિત્રકેતુ. પરીક્ષિત!  આ જ પ્રમાણે ભરતજીને પણ બે પુત્ર થયા તેમના નામ તક્ષ અને પુષ્કલ હતા. ॥ ૧૨ ॥

**સુબાહુઃ(શ્) શ્રુતસેનશ્ચ, શત્રુઘ્નસ્ય બભૂવતુઃ .**

**ગન્ધર્વાન્ કોટિશો જઘ્ને, ભરતો વિજયે દિશામ્ .. ૧૩..**

શત્રુઘ્નજીને પણ બે પુત્ર થયા –સુબાહુ અને શ્રુતસેન. ભરતજીએ દિગ્વિજયમાં કરોડો ગંધર્વોનો નો સંહાર કર્યો. ॥ ૧૩ ॥

તદીયં(ન્) ધનમાનીય, સર્વં(મ્) રાજ્ઞે ન્યવેદયત્ .

શત્રુઘ્નશ્ચ મધોઃ(ફ્) પુત્રં(મ્), લવણં(ન્) નામ રાક્ષસમ્ .

હત્વા મધુવને ચક્રે, મથુરાં(ન્) નામ વૈ પુરીમ્ .. ૧૪..

તેમણે ગંધર્વો સઘળું ધન લાવીને પોતાના મોટાભાઈ ભગવાન શ્રીરામની સેવામાં અર્પણ કર્યું. શત્રુઘ્નજીએ મધુવનમાં મધુના પુત્ર લવણ નામના રાક્ષસને મારીને ત્યાં મથુરા નામનું નગર વરસાવ્યું. ॥ ૧૪ ॥

મુનૌ નિક્ષિપ્ય તનયૌ, સીતા ભર્ત્રા વિવાસિતા .

ધ્યાયન્તી રામચરણૌ, વિવરં(મ્) પ્રવિવેશ હ .. ૧૫..

ભગવાન શ્રીરામ દ્વારા ત્યજી દીધેલાં સીતાજીએ પોતાના પુત્રોને વાલ્મીકિના હાથમાં સોંપી દીધા અને ભગવાન શ્રીરામચંદ્રજીના ચરણોનું ધ્યાન કરતાં કરતાં તેઓ પૃથ્વી દેવીના લોકમાં સિધાવી ગયાં. ॥ ૧૫ ॥

તચ્છ્રુત્વા ભગવાન્ રામો, રુન્ધન્નપિ ધિયા શુચઃ .

સ્મરં(મ્)સ્તસ્યા ગુણાં(મ્)સ્તાં(મ્)સ્તાન્- નાશક્નોદ્ રોદ્ધુમીશ્વરઃ .. ૧૬..

આ સમાચાર સાંભળીને ભગવાન શ્રીરામે પોતાના શોકના આવેગને પોતાના વિવેક દ્વારા રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પરમ સમર્થ હોવા છતાં પણ તેઓ તેને રોકી ન શક્યા. કેમકે, તેમને જાનકીજીના પવિત્ર ગુણોનું વારંવાર સ્મરણ થયા કરતું હતું. ॥ ૧૬ ॥

સ્ત્રીપું(મ્)પ્રસં(ઙ્)ગ એતાદૃક્- સર્વત્ર ત્રાસમાવહઃ .

અપીશ્વરાણાં(ઙ્) કિમુત, ગ્રામ્યસ્ય ગૃહચેતસઃ .. ૧૭..

પરીક્ષિત! આ સ્ત્રી અને પુરુષ નો સંબંધ સર્વત્ર આ જ પ્રમાણે દુઃખનું કારણ છે. આ વાત મોટા-મોટા સમર્થ લોકો માટે પણ આવી જ છે, પછી ઘરમાં આસક્ત વિષયી પુરુષોનું તો કહેવું જ શું? ॥ ૧૭ ॥

તત ઊર્ધ્વં(મ્) બ્રહ્મચર્યં(ન્), ધારયન્નજુહોત્ પ્રભુઃ .

ત્રયોદશાબ્દસાહસ્ર-મગ્નિહોત્રમખણ્ડિતમ્ .. ૧૮..

ત્રયોદશાબ્દ + સાહસ્ર, મગ્નિહો + ત્રમખણ્ડિતમ્

આ પછી ભગવાન શ્રીરામે બ્રહ્મચર્ય ધારણ કરીને તેર હજાર વર્ષ સુધી અખંડ રૂપે અગ્નિહોત્ર વ્રત આચર્યું હતું. ॥ ૧૮ ॥

સ્મરતાં(મ્) હૃદિ વિન્યસ્ય, વિદ્ધં(ન્) દણ્ડકકણ્ટકૈઃ .

સ્વપાદપલ્લવં(મ્) રામ, આત્મજ્યોતિરગાત્ તતઃ .. ૧૯..

ત્યાર પછી પોતાનું સ્મરણ કરવાવાળા ભક્તોના હૃદયમાં પોતાના દંડકવનમાં કાંટાથી વીંધાયેલા ચરણકમળોને સ્થાપિત કરીને તેઓ પોતાના સ્વયંપ્રકાશ પરમ જ્યોતિર્મય ધામમાં પધારી ગયા. ॥ ૧૯ ॥

નેદં(યઁ) યશો રઘુપતેઃ(સ્) સુરયાચ્ઞયાઽઽત્ત-

લીલાતનોરધિકસામ્યવિમુ*ક્તધામ્નઃ .

*રક્ષોવધો જલધિબ*ન્ધનમસ્ત્રપૂગૈઃ(ખ્)

કિં(ન્) ત*સ્ય શ*ત્રુહનને કપયઃ(સ્) સહાયાઃ .. ૨૦..

સુરયાચ્ + ઞયાઽઽત્ત , લીલાતનો + રધિકસામ્ + યવિમુક્તધામ્નઃ

જલધિબન્ + ધનમસ્ત્ર + પૂગૈઃ(ખ્)

પરીક્ષિત! ભગવાનના જેવું પ્રતાપશાળી અન્ય કોઈ નથી, પછી તેમનાથી ચઢિયાતું તો હોય જ ક્યાંથી? તેમણે દેવતાઓની પ્રાર્થનાથી આ લીલા-વિગ્રહ ધારણ કર્યો હતો. આવી સ્થિતિમાં રઘુવંશશિરોમણી ભગવાન શ્રીરામને માટે આ કોઈ મોટા ગૌરવની વાત નથી કે તેમણે અસ્ત્ર-શસ્ત્રોથી રાક્ષસનો સંહાર કર્યો અથવા સમુદ્ર ઉપર સેતુ નિર્માણ કર્યો. ખરેખર, તેમને શત્રુઓને મારવા માટે વાનરોની મદદની પણ શું જરૂર હતી? આ બધી તેમની લીલા છે. ॥ ૨૦ ॥

યસ્યામલં(ન્) નૃપસદસ્સુ યશોઽધુનાપિ

ગાયન્ત્યઘ*ઘ્નમૃષયો દિગિભેન્દ્રપટ્ટમ્ .

તં(ન્) નાકપાલવસુપાલકિરીટજુ*ષ્ટ-

પાદામ્બુજં(મ્) રઘુપતિં(મ્) શરણં(મ્) પ્રપ*દ્યે .. ૨૧..

ગાયન્ત્ય + ઘઘ્નમૃષયો, દિગિભેન્ + દ્રપટ્ટમ્ ,નાકપા + લવસુપા + લકિરીટજુષ્ટ

ભગવાન શ્રીરામનો નિર્મળ યશ સમસ્ત પાપોને નષ્ટ કરનારો છે. તેનો એટલો વિસ્તાર થયો છે કે દિગ્ગજોનું શ્યામ શરીર પણ ભગવાનના નિર્મળ યશ ની ઉજ્જવળતાથી ચમકી ઉઠે છે. આજે પણ મોટા-મોટા ઋષિ-મહર્ષિઓ રાજાઓની સભામાં તેનું ગાન કરે છે. સ્વર્ગના દેવતાઓ અને પૃથ્વીના રાજાઓ પોતાનાસુંદર મુગટોથી તેમના ચરણકમળોની સેવા કરતા રહે છે. હું તે જ રઘુવંશશિરોમણી ભગવાન શ્રીરામચંદ્ર નું શરણ ગ્રહણ કરું છું. ॥ ૨૧ ॥

સ યૈઃ(સ્) સ્પૃ*ષ્ટોઽભિદૃ*ષ્ટો વા, સં(વઁ)વિ*ષ્ટોઽનુગતોઽપિ વા .

કોસલાસ્તે યયુઃ(સ્) સ્થાનં(યઁ), ય*ત્ર ગ*ચ્છન્તિ યોગિનઃ .. ૨૨..

સ્પૃષ્ટોઽ + ભિદૃષ્ટો, સં(વઁ)વિષ્ટોઽ + નુગતોઽપિ

જેમણે ભગવાન શ્રીરામનું દર્શન અને સ્પર્શ કર્યો, તેમનો સહવાસ અથવા અનુગમન કર્યું તે બધા જ તથા કોસલદેશના નિવાસીઓ પણ તે જ લોકમાં ગયા, જ્યાં મોટા-મોટા યોગીઓ યોગ સાધના દ્વારા જાય છે. ॥ ૨૨ ॥

पुरुषो રામચરિતં(મ્), શ્રવણૈરુપધારયન્ .

આનૃશં(મ્)સ્યપરો રાજન્, કર્મબન્ધૈર્વિમુચ્યતે .. ૨૩..

કર્મબન્ધૈર્ + વિમુચ્યતે

જે પુરુષ પોતાના કાન દ્વારા ભગવાન શ્રીરામનું ચરિત્ર સાંભળે છે – તેને સરળતા, કોમળતા વગેરે ગુણોની પ્રાપ્તિ થાય છે. પરીક્ષિત! માત્ર એટલું જ નહીં તે સઘળા કર્મબંધનોથી મુક્ત થઈ જાય છે. ॥ ૨૩ ॥

રાજોવાચ

કથં(મ્) સ ભગવાન્ રામો, ભ્રાતૄન્ વા સ્વયમાત્મનઃ .

તસ્મિન્ વા તેઽન્વવર્તન્ત, પ્રજાઃ(ફ્) પૌરાશ્ચ ઈશ્વરે .. ૨૪..

રાજા પરીક્ષિતે પૂછ્યું – ભગવાન શ્રીરામ સ્વયં પોતાના ભાઈઓ સાથે કેવા પ્રકારનો વ્યવહાર કરતા હતા? તથા ભરત વગેરે ભાઈઓ, પ્રજાજનો અને અયોધ્યાવાસી ભગવાન શ્રીરામ પ્રત્યે કેવો વર્તાવ કરતા હતા ? ॥ ૨૪ ॥

શ્રીશુક ઉવાચ

અથાદિશદ્ દિગ્વિજયે, ભ્રાતૄં(મ્)સ્ત્રિભુવનેશ્વરઃ .

આત્માનં(ન્) દર્શયન્ સ્વાનાં(મ્), પુરીમૈક્ષત સાનુગઃ .. ૨૫..

ભ્રાતૄં(મ્)સ્ + ત્રિભુવનેશ્વરઃ

શ્રીશુકદેવજી કહે છે – ત્રિભુવનપતિ મહારાજ શ્રીરામે રાજ્ય સિંહાસન સ્વીકાર કર્યા પછી પોતાના ભાઈઓને દિગ્વિજયની આજ્ઞા આપી અને સ્વયં પોતાના નીજજનોને દર્શન આપતા રહીને પોતાના અનુચરો સાથે નગરની દેખરેખ કરવા લાગ્યા. ॥ ૨૫ ॥

આસિક્તમાર્ગાં(ઙ્) ગન્ધોદૈઃ(ખ્), કરિણાં(મ્) મદશીકરૈઃ .

સ્વામિનં(મ્) પ્રાપ્તમાલોક્ય, મત્તાં(વૅ઼) વા સુતરામિવ .. ૨૬..

તે સમયે અયોધ્યાપુરીના માર્ગો સુગંધિત જળ અને હાથીઓના મદબિંદુઓથી સિંચાયેલા રહેતા હતા. એવું લાગતું હતું જાણે આ નગરી પોતાના સ્વામી શ્રીરામચંદ્રજીને જોઇને અત્યંત મદઘેલી બની ગઈ હોય. ॥ ૨૬ ॥

પ્રાસાદગોપુરસભા- ચૈત્યદેવગૃહાદિષુ .

વિન્યસ્તહેમકલશૈઃ(ફ્), પતાકાભિશ્ચ મણ્ડિતામ્ .. ૨૭..

પ્રાસાદ + ગોપુરસભા, ચૈત્યદે + વગૃહાદિષુ, વિન્યસ્ત + હેમકલશૈઃ(ફ્)

તેના મહેલો, દરવાજાઓ, સભાભવન, વિહારસ્થાનો અને દેવાલયો વગેરેમાં સુવર્ણના કળશ રાખવામાં આવ્યા હતા અને અનેક સ્થાનોમાં પતાકાઓ લહેરાઈ રહી હતી. ॥ ૨૭ ॥

**પૂગૈઃ(સ્) સવૃન્તૈ રમ્ભાભિઃ(ફ્), પટ્ટિકાભિઃ(સ્) સુવાસસામ્ .**

**આદર્શૈરં(મ્)શુકૈઃ(સ્) સ્રગ્ભિઃ(ખ્), કૃતકૌતુકતોરણામ્ .. ૨૮..**

આદર્શૈ + રં(મ્)શુકૈઃ(સ્), કૃતકૌ + તુકતોરણામ્

ફળથી લચેલી સોપારીઓનાં વૃક્ષો અને દીંટા સહિત ફળવાળી કેળોથી અને જાતજાતની ધજાઓથી જાણે અયોધ્યા નગરીએ ઉત્તમ વસ્ત્ર પહેર્યાં હોય તેવી તથા દર્પણોનાં અને પુષ્પમાળાઓના તોરણો બાંધવાથી ઉત્તમ રીતે શોભતી હતી. ॥ ૨૮ ॥

**તમુપેયુસ્તત્ર તત્ર, પૌરા અર્હણપાણયઃ .**

**આશિષો યુયુજુર્દેવ, પાહીમાં(મ્) પ્રાક્ ત્વયોદ્ધૃતામ્ .. ૨૯..**

તમુપે + યુસ્તત્ર , યુયુજુર્ + દેવ

નગરવાસીઓ પોતાના હાથમાં જાતજાતની ભેટો લઈને ભગવાન પાસે આવતા અને તેમને પ્રાર્થના કરતા કે, હે દેવ! પહેલાં આપે જ વરાહરૂપે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો હતો, હવે આપ જ આનું પાલન કરો.' ॥ ૨૯ ॥

**તતઃ(ફ્) પ્રજા વીક્ષ્ય પતિં(ઞ્) ચિરાગતં(ન્),**

**દિદૃક્ષયોત્સૃષ્ટગૃહાઃ(સ્) સ્ત્રિયો નરાઃ .**

**આરુહ્ય હર્મ્યાણ્યરવિન્દલોચન-**

**મતૃપ્તનેત્રાઃ(ખ્) કુસુમૈરવાકિરન્ .. ૩૦..**

દિદૃક્ષયોત્ + સૃષ્ટગૃહાઃ(સ્), હર્મ્યાણ્ય + રવિન્દલોચન

પરીક્ષિત! તે સમયે જ્યારે પ્રજાને ખબર પડતી કે, ઘણા સમય પછી ભગવાન શ્રીરામ અહીં પધાર્યા છે, ત્યારે બધા જ સ્ત્રી-પુરુષો તેમના દર્શનની લાલસાથી ઘર-દ્વાર છોડીને દોડી જતા. તેઓ ઊંચી ઊંચી અટારીઓ પર ચડીને અતૃપ્ત નેત્રોથી કમલનયન ભગવાનને નિરખતાં નિરખતાં તેમનાં ઉપર પુષ્પો વરસાવતા હતા. ॥ ૩૦ ॥

**અથ પ્રવિષ્ટઃ(સ્) સ્વગૃહં(ઞ્), જુષ્ટં(મ્) સ્વૈઃ(ફ્) પૂર્વરાજભિઃ .**

**અનન્તાખિલકોષાઢ્ય-મનર્ઘ્યોરુપરિચ્છદમ્ .. ૩૧..**

અનન્તા + ખિલકોષાઢ્ય-મનર્ઘ્યો + રુપરિચ્છદમ્

આ પ્રમાણે પ્રજાનું નિરીક્ષણ કરીને ભગવાન પોતાના પૂર્વેના રાજાઓએ સેવેલા સમગ્ર અનંત કોશ-ખજાનાઓથી ભરપૂર અને અનમોલ અનેક જાતના રાચ-રચીલાવાળા પોતાના રાજભવનમાં આવી જતા. ॥ ૩૧ ॥

**વિદ્રુમોદુમ્બરદ્વારૈર્- વૈદૂર્યસ્તમ્ભપઙ્ક્તિભિઃ .**

**સ્થલૈર્મારકતૈઃ(સ્) સ્વચ્છૈર્- ભાતસ્ફટિકભિત્તિભિઃ .. ૩૨..**

વિદ્રુમો + દુમ્બરદ્ + વારૈર્ ,વૈદૂર્યસ્ + તમ્ભપઙ્ક્તિભિઃ, ભાતસ્ + ફટિક + ભિત્તિભિઃ

મહેલોના દ્વારના ઉંબરા પરવાળાના બનેલા હતા. ભવનોમાં વૈદૂર્યમણિના સ્તંભોની હારમાળા હતી. સ્વચ્છ મરકત મણિ ની ભૂમિ હતી તથા સ્ફટિકમણિની દિવાલો હતી. ॥ ૩૨ ॥

ચિત્રસ્રગ્ભિઃ(ફ્) પટ્ટિકાભિર્- વાસોમણિગણાં(મ્)શુકૈઃ .

મુક્તાફલૈશ્ચિદુલ્લાસૈઃ(ખ્), કાન્તકામોપપત્તિભિઃ .. ૩૩..

ચિત્રસ્ + રગ્ભિઃ(ફ્), વાસો + મણિગણાં(મ્)શુકૈઃ

મુક્તાફલૈશ્ + ચિદુલ્લાસૈઃ(ખ્), કાન્તકામો + પપત્તિભિઃ

ધૂપદીપૈઃ(સ્) સુરભિભિર્ - મણ્ડિતં(મ્) પુષ્પમણ્ડનૈઃ .

સ્ત્રીપુમ્ભિઃ(સ્) સુરસં(ઙ્)કાશૈર્- જુષ્ટં(મ્) ભૂષણભૂષણૈઃ .. ૩૪..

સ્ત્રી + પુમ્ભિઃ(સ્)

રંગ-બે-રંગી માળાઓ, પતાકાઓ, મણિઓનો પ્રકાશ, શુધ્ધ ચેતન જેવાં ઉજ્જવળ મોતી સુંદર સુંદર ભોગસામગ્રી, સુગંધિત ધૂપ-દીપ તથા પુષ્પોનાં આભૂષણોથી તે મહેલ ખૂબ શણગારેલા હતા. આભૂષણોને પણ સુંદર બનાવનારા દેવતાઓ જેવા સ્ત્રી-પુરુષો સેવામાં લાગેલાં રહેતાં હતાં.॥ ૩૩-૩૪ ॥

તસ્મિન્ સ ભગવાન્ રામઃ(સ્), સ્નિગ્ધયા પ્રિયયેષ્ટયા .

રેમે સ્વારામધીરાણા - મૃષભઃ(સ્) સીતયા કિલ .. ૩૫..

પરીક્ષિત! ભગવાન શ્રીરામ આત્મારામ જિતેન્દ્રિય પુરુષોના શિરોમણિ છે. તે જ મહેલમાં તેઓ પોતાના પ્રાણપ્રિયા પ્રેમમયી પત્ની શ્રીસીતાજીની સાથે વિહાર કરતા હતા.॥ ૩૫ ॥

બુભુજે ચ યથાકાલં(ઙ્), કામાન્ ધર્મમપીડયન્ .

વર્ષપૂગાન્ બહૂન્ નૃણા- મભિધ્યાતાઙ્ઘ્રિપલ્લવઃ .. ૩૬..

મભિધ્યાતાઙ્ + ઘ્રિપલ્લવઃ

બધાં જ સ્ત્રી-પુરુષો જેમનાં ચરણકમળોનું ધ્યાન કરતા રહે છે, તે જ ભગવાન શ્રીરામ ઘણાં વર્ષો સુધી ધર્મની મર્યાદાનું પાલન કરતા રહીને સમયાનુસાર ભોગોનો ઉપભોગ કરતા રહ્યા. ॥ ૩૬ ॥

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્) સં(મ્)હિતાયાં(ન્)

નવમસ્કન્ધે શ્રીરામોપાખ્યાને એકાદશોઽધ્યાયઃ .. ૧૧..

ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્) પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે

પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે.

ૐ શાન્તિઃ(શ્) શાન્તિઃ(શ્) શાન્તિઃ.